# પીડા નિવારણ માટે ઉમટી સંવેદના અને પ્રગતિ પથ પર પ્રશસ્ત થયો સમાજ

## બુંદેલખંડમાં ભયંકર પડેલો દુષ્કાળ પીડિતોની સેવા-સહાયતામાં લાગેલો ગાયત્રી પરિવાર

**લખનૌ (ઉત્તરપ્રદેશ)**

ઉત્તર પ્રદેશનો આખો બુંદેલખંડ વિસ્તાર પાછલા ચાર વર્ષથી દુષ્કાળના ભયંકર ત્રાસને સહન કરી રહ્યો છે. ખેતર વણઝર બની ગયા છે. પશુઓ માટે ન તો ઘાસ-ચારો છે અને ન તો ખેડૂતો માટે પેટ ભરવા રોટી છે. મજુરી કરીને ગુજારો કરવા માટે મજબૂર ખેડૂત, સેઠ-શાહુકારોનું વસુલીના દેવાથી પરેશાન પોતાની બહેન-બેટીઓના લગ્ન પણ નથી કરી શકતા. આ મુશ્કેલીઓથી બહાર નીકળવા માટે કોઈ પોતાના કોખથી પેદા થયેલ સંતાનને વેચી રહ્યા છે, તો કોઈ પશુઓને મફતમાં આપવા તૈયાર છે. જેને કોઈ રસ્તો નથી સૂઝતો, એ પોતાની જીવન લીલા સમાપ્ત કરીને મુશ્કેલીઓથી પીંડ છોડવા માટે તૈયાર છે.

આવી કપરી સ્થિતિમાં શાંતિકુંજ, હરિદ્વારની આફત પ્રબંધન સમિતિએ આ વસંત પંચમીથી ગાયત્રી પરિવારની ઝોન-ઉપઝોનની દરેક શાખાઓ મળીને બુંદેલખંડના સાતે જીલ્લા (બાંદા, મહોબા, હમીરપુર, ઝાંસી, ચિત્રકુટ, લલિતપુર તથા જાલૌન)માં યુદ્ધ સ્તર આફત રાહત કાર્ય આરંભ કરી દેવામાં આવ્યું છે. બાંદા, હમીરપુર તથા મહોબામાં સ્થિતિનું આંકલન અને જરૂરતમંદોનું સર્વેક્ષણનું કાર્ય ચાલી રહ્યું છે, જ્યારે અન્ય જીલ્લામાં આ કાર્ય જલ્દી જ આરંભ થઈ જશે.

વસંત પંચમથી આરંભ થયેલ અભિયાનના પહેલા ચરણમાં ગાયત્રી પરિવારના આફત પ્રબંધન ટીમ મેજર વી.કે. ખરેના નેતૃત્વમાં પાંચ ગાડીઓમાં રાહત સામગ્રી લઈને બાંદા જિલ્લાના બબેરુ મકાસિન વિસ્તારના મુરવલ, પલ્હરી, દેવરથા, નારાયણપુર, કમાસિન, ગૌરીપુરવા વગેરે ગામોમાં પહોંચી. ટીમે આ ગામોમાં ભૂખથી પરેશાન પરિવારોને તાત્કાલિક રાશન, ચિકિત્સા વગેરેની સહાયતા ઉપલબ્ધ કરાવી. ગામે-ગામમાં બંધ પડેલ હેંડપંપ, ભૂખથી તડફતા લોકો, વિજળીનો અભાવ, દમ તોડતા પશુઓની દર્દનાક સ્થિતિથી સરકારને જાણકારી તો આપી જ, સમાચારોના માધ્યમોથી પણ જન સંવેદના સમેટવાનો સફળ પ્રયાસ કર્યો છે.

તા-૧૫ ફેબ્રુઆરીના રોજ ગાયત્રી શક્તિપીઠ બાંદા પર એક બેઠક રાખવામાં આવી હતી, જેમાં સર્વશ્રી અખિલેશ કુમાર નિગમ, ઓમપ્રકાશ અગ્રવાલ-એડવોકેટ, શ્રીમતી રામજાનકી શુક્લા, રામ પ્રકાશ ખરે, રામરાજસિંહ, રાધેશ્યામ પટેલ, રામમૂર્તિસિંહ, રામચંદ્ર ગુપ્ત તથા રવિશંકર ગુપ્તાના સમાવેશ કરતાં સ્થાનીય આફત પ્રબંધન સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિએ દુષ્કાળથી સૌથી વધારે પ્રભાવિત બબેરૂના રગૌલી ગ્રામમાં પ્રથમ દુષ્કાળ રાહત કેન્દ્ર સ્થાપિત કરવાનો નિર્ણય લીધો. આ કેન્દ્ર દેવરથા, મુરવલ, અનૌસા, બસંડા તથા કેલહનુઆં ગામોમાં આફત રાહત કાર્યોનું સંચાલન કરશે.☯

**સાત જીલ્લાઓમાં દુષ્કાળની ભયંકર ત્રાસ સામનો કરી રહેલ નિઃસંદેહ ખુબ જ મોટો પડકાર છે.સરકારી સંસ્થાઓ તો આવી સ્થિતિમાં પોતાની રીતે જ કામ કરે છે, બેસહારોને સાચો સહારો તો ઉદાર મનવાળા સેવાભાવી સંવેદનશીલ સહૃદય મહાનુભાવ જ હોય છે. આવા મહામનાઓથી વિનમ્ર અનુરોધ છે કે તેઓ પરમાત્માની આપેલ સામર્થ્યનો સદુયોગ કરવામાં અગ્રણી રહે અને પોતાનો સમય, ધન, સાધનનો યથા સંભવ અંશ 'શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ)'ના માધ્યમથી પણ પીડિતો સુધી પહોંચાડે. પરિજન પોતાનો સહયોગની રોકડ રકમ નીચે જણાવેલ કમ્પ્યૂટરીકૃત શાખાઓમાં સીધા જમા કરાવીને એની કાઉન્ટર સ્લિપ શાંતિકુંજને મોકલી શકો છો.**

**બેંક ઑફ બરોડા -**
**પંજાબ નેશનલ બેંક -**
**સ્ટેટબેંક ઑફ ઈંડિયા -**
**એક્સિસ બેંક -**

**નોંધઃ-ઉપરોક્ત ખાતાઓમાં શાંતિકુંજને આફત રાહત કાર્યોમાં સહયોગ, દાન, સાહિત્યનો ઓર્ડર, અખંડ જ્યોતિ (અંગ્રેજી, મરાઠી, ઉડિયા) તથા પ્રજ્ઞા અભિયાન (હિન્દી, ગુજરાતી, બંગલા) પત્રિકાઓનું લવાજમ જેવા તમામ વિભાગો માટે રોકડ રકમ જમા કરાવી શકાય છે. સાવધાની રાખશો કે પ્રત્યેક વિભાગોના માટે અલગ અલગ સ્લીપથી રોકડ રકમ જમા કરે, એકસાથે ન કરે. પોતાની કાઉન્ટર સ્લીપ એના ઉપયોગની જાણકારીની સાથે શાંતિકુંજ તાત્કાલિક મોકલી આપે.**

**બુંદેલખંડ-કુર્સી રોડ પર આવેલ ગાયત્રી શક્તિપીઠ દ્વારા દુષ્કાળ રાહત કાર્ય બાંદા જીલ્લાના રગૌલી વિસ્તારથી આરંભ કરવામાં આવ્યું. ત્યારબાદ શાંતિકુંજની આફત પ્રબંધન શાખા ઉત્તરઝોનના કન્વીનર શ્રી વીરેન્દ્ર તિવારીના નેતૃત્વમાં આ રાહત કાર્યોનું સંચાલન કરી રહી છે. સ્થાનીય આફત પ્રબંધ કેન્દ્રના કન્વીનર શ્રી અખિલેશ કુમાર નિગમના જણાવ્યા અનુસાર એકલા રગૌલી કેન્દ્ર પર ૩૦૦ પરિવાર અને ૧૦૦૦ પશુઓની સ્થિતિ ખૂબ ખરાબ છે. કેવળ પશુઓ માટે દસ દિવસ માટે પાંચ ટ્રક ભુસાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જેની કિંમત ૧,૭૫,૦૦૦/- રૂપિયા છે.**

**ગાયત્રી પરિવાર દ્વારા ચલાવવામાં આવી રહેલ રાહત કાર્યોની પ્રાથમિકાઓ છેઃ-**

**(૧) દુષ્કાળના પ્રકોપની પ્રાથમિકતાના આધાર પર ગામોનું સર્વેક્ષણ કરી જરૂરતમંદોની લીસ્ટ બનાવવામાં આવે. (૨) ભૂખમરીના ભોગ બનેલ ઘર-પરિવારોને ૧૫ દિવસનું રાશન ઉપલબ્ધ કરાવીને એમની સ્થિતિથી જીલ્લા સરકારને જાણકારી કરાવવામાં આવી રહી છે. (૩) ઘાસ-ચારાના અભાવમાં મરી રહેલ પશુઓને ઘાસ ઉપલબ્ધ કરાવવું. (૪) ગર્ભવતી બહેનો અને બીમારો માટે દવાઓની વ્યવસ્થા કરવી. (૫) પેયજલની વ્યવસ્થા માટે સરકારની સાથે મળીને પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. (૬) પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞોનું આયોજન કરીને અસમર્થ તથા ઈચ્છુક લોકોના દિકરા-દિકરીઓના પૂર્વ નિર્ધારિત લગ્ન સંપન્ન કરાવવામાં આવી રહ્યા છે.**

### દુષ્કાળથી ધરતી ફાટી

**બાંદા જીલ્લાના ગામોમાં દુષ્કાળથી ધરતી ફાટવાની ઘટનાઓ-થી લોકોમાં ભયનું વાતાવરણ બની ગયું છે. ગાયત્રી પરિવારના આફત પ્રબંધન ટીમે મટોંધના અચારન જથ્થાબંધ ફાટેલ ધરતીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું. આ ઘટનામાં ધરતીમાં પડેલ ૧૨ ફૂટ ઉંડી અને ૧૦૦ મીટર લાંબી તિરાડે લોકોના ઘર-ખલિહાનોને પણ ચીરી દીધા છે. ગામના ચેરમેને આ સંબંધની ઢંઢેરો પીટાવીને ફાટેલ ધરતીની બેરિકેટિંગ કરાવી દીધી છે.**

## વસંત અને વાર્ષિકોત્સવ પર સર્જન શિલ્પિઓનું સંમેલન

**હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ)**

હૈદરાબાદના મુસાપેઠ ગાયત્રી ચેતના કેન્દ્રનો વસંત પર્વના દિવસે બીજા વાર્ષિકોત્સવ ઉજવણી કરવામાં આવી. પર્વ પૂજનના સમયેશ્રી અશ્વિની સુબ્બારાવે તેલુગુ ભાષામાં પોતાનો સંદેશ આપતાં કહ્યું કે યુગઋષિ પં.શ્રીરામ શર્મા આચાર્યજીનું જીવન અધ્યાત્મની એક મૂર્તિમાન પ્રયોગશાળા છે. જેમાં તેમણે શાસ્ત્ર દ્વારા વર્ણન કરવામાં આવેલ અધ્યાત્મના તમામ સૂત્રોને સ્વયં જીવીને દુનિયાની સામે તેને સાચા સાબિત કર્યા છે. તેઓ આજના વિશ્વામિત્ર છે, જેમને દુનિયાની ભલાઈ માટે લોકોને ગાયત્રી તથા યજ્ઞની આવશ્યકતાનો બોધ કરાવ્યો અને તેને જન-જન સુધી પહોંચાડી દીધો.

વાર્ષિકોત્સવના ઉપલક્ષ્યમાં ચેતના કેન્દ્ર દ્વારા તા-૨ જી ફેબ્રુઆરી થી તા-૧૨ ફેબ્રુઆરી સુધી ૧૧ દિવસીય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તા-૨ ફેબ્રુઆરીથી તા-૯ ફેબ્રુઆરી સુધી સવારથી સાંજ સુધી અખંડ જાપ રાખવામાં આવ્યા હતા. એમાં લગભગ ૧૫૦ લોકોએ પ્રતિદિન ભાગ લીધો. તા-૯ ફેબ્રુઆરીના દિવસે વિશાળ-આકર્ષક કળશયાત્રા કાઢવામાં આવી, જે પોચામા મંદિરથી આરંભ થઈને ભરત નગર-મુસાપેઠની ગલિઓમાં થઈ યજ્ઞસ્થળે પહોંચી હતી.

તા-૧૦ ફેબ્રુઆરીના દિવસે ૨૪ કુંડીય યજ્ઞમાં ૭૦૦ યાજકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન સર્વશ્રી હીરસિંહ રાજપુરોહિત, શ્યામ સાહૂ, અનુસૂયા અમ્મા તથા પ્યારેલાલ પરિવ્રાજકે કર્યો. રાજન દંપતિ, વેંકટેશ્વરલુ દમ્પતિ, નાગ રેડ્ડી, પ્રકાશ રેડ્ડી, રામકૃષ્ણ મૂર્તિ, નારાયણ રેડ્ડી, કોટેશ્વર રાવે વિશેષ પૂજનમાં ભાગ લીધો. શ્રી સુબ્બારાવે મુખ્ય સંદેશ આપ્યો તથા સર્વશ્રી રાકેશ રાવ, સંતોષ શર્મા, અરવિંદ, જગતદાસ, હનુમંત રેડ્ડી, હરિકૃષ્ણ, ઈન્દ્રામા, પ્રેમીલા મા, કે.વી.વી. પંતલુ, પ્રસાદ રાવ વગેરે પ્રમુખ સહયોગી રહ્યા.

યજ્ઞોપરાંત શ્રી સુબ્બારાવજીએ તેલુગુમાં પ્રજ્ઞા પુરાણ કથા કહી. એમની સરસ તથા આત્મીયતાપૂર્ણ વાણીથી ભાવવિભોર શ્રોતાઓએ એવી પ્રજ્ઞા પુરાણ કથા પ્રત્યેક મંદિરમાં મહિનામાં એક વાર અવશ્ય આયોજીત કરવાની તૈયારી બતાવી, જેથી સમયાનુરૂપ યુગઋષિના વિચાર લોકો સુધી પહોંચાડી શકે. સાંજના સમયે દીપયજ્ઞમાં આ આશયના સંકલ્પ પણ લેવામાં આવ્યા.

પાવન વસંત પર્વના દિવસે પાંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ તથા સાંજના સમયે દીપયજ્ઞનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું.☯

## ગાયત્રી યજ્ઞથી પાણીનો ફૂવારો ફૂટી નિકળ્યો

**મૈહર-સતના (મધ્યપ્રદેશ):-**વિદ્યા વિસ્તાર કાર્યક્રમ શૃંખલાની અંતર્ગત ૮ થી ૧૦ ફેબ્રુઆરીની તારીખોમાં મૈહરથી ૧૨ કિલોમીટર દૂર હરદાસપુર ગામમાં પાંચ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. મૈહર તો શું, આખુ વિંધ્ય વિસ્તાર આ દિવસોમાં દુષ્કાળનો પ્રકોપ સહન કરી રહ્યો હતો. યજ્ઞમાં એક કિલોમીટર દૂરથી પાણી લાવીને પીવાના પાણીની વ્યવસ્થા બનાવવામાં આવી રહી હતી. લોકોમાં અખૂટ આસ્થા અને ભરપૂર ઉત્સાહ દેખાઈ રહ્યો હતો.

યજ્ઞથી એક દિવસ પહેલાં વરસાદ પડ્યો. સૌથી મોટું આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે કળશયાત્રાના દિવસે રાતમાં યજ્ઞસ્થળ પાસે ૫૦ મીટર દૂર પર પથ્થરોના એક ખાડામાં એક પાણીનો ફૂવારો ફૂટી નિકળ્યો. લોકો એને ગુરુજી-માતાજી તથા માં ગાયત્રીની કૃપાથી ફૂટેલી સાક્ષાત ગંગાની ધારા માને છે. એ જ પાણીથી ખૂબ જ ઉત્સાહ સાથે યજ્ઞ સંપન્ન થયો. આ દૈવી વરદાનથી ભાવવિભોર ગ્રામવાસી પોતાને ધન્ય માની રહ્યા છે. એના સંચાલન માટે સતનાથી સર્વશ્રી એસ.કે.પાંડે, જગદીશ પ્રસાદસિંહ, લક્ષ્મણ યાદવ તથા મૈહરથી શ્રી અતુલ દ્વિવેદીની ટોળી પહોંચી હતી.

## શાંતિકુંજે મજબૂત કરી દામ્પત્ય જીવનની ડોર



વર રોહિત પ્રકાશ તથા વધુ યાંગ મેંગ

ગાયત્રીતીર્થ-શાંતિકુંજની યજ્ઞશાળામાં જયપુર (રાજસ્થાન) નિવાસી શ્રી જી.કે.શ્રીવાસ્તવ તથા શ્રીમતી રેખા શ્રીવાસ્તવના ચીનમાં રહેવાવાળા સુપુત્ર ચિ.રોહિત પ્રકાશના વિવાહ ચીનની મૂલ નિવાસી યાંગ મેંગ (હવે સૌ.પ્રિયા શ્રીવાસ્તવ)ની સાથે સંપન્ન થયા. ચિ.રોહિત પ્રકાશના જણાવ્યા અનુસાર તેમણે પોતાની ધર્મપત્નીને ભારતીય અધ્યાત્મની ગહનતા, અહીંની વૈદિક પરંપરા, માનવ મૂલ્યોનો પરિચય કરાવવા માટે શાંતિકુંજમાં વિવાહ કરાવવાનો નિશ્ચય કર્યો હતો. આ ત્રણ કલાકના વૈવાહિક કર્મકાંડે બન્નેને પરસ્પર સમર્પણને મજબૂતી પ્રદાન કરી. પ્રત્યેક કર્મકાંડની ઉપયોગિતા અને આવશ્યકતાને અંગ્રેજીમાં સમજતાં તેઓ ખૂબ જ એકાગ્રચિત્ત તથા ભાવવિભોર બની ગયા હતા. વિવાહ પછી લોકોના આશીર્વાદ મેળવવાની પરંપરા પણ તેમણે અલૌકીક કરનારી હતી.☯

**સેવામાં મોટી શક્તિ છે. એનાથી ભગવાન પણ વશમાં થઈ શકે છે.**